# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-12-2024 Day: Sunday Morning : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PM-મન કી બાત:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, બંધારણ રાષ્ટ્રનું પથદર્શક છે અને એ અત્યંત સન્માનની વાત છે કે આવતા વર્ષે 26 જાન્યુઆરીએ ભારતીય બંધારણ 75 વર્ષ પૂર્ણ કરી રહ્યું છે.**

**આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધન કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, બંધારણ સમયની તમામ કસોટીમાંથી પાર ઉતર્યું છે. તેમણે જણાવ્યું કે, આ વર્ષે બંધારણ દિવસે અનેક પ્રવૃત્તિઓ શરૂ થઈ છે જે સમગ્ર વર્ષ દરમિયાન ચાલુ રહેશે.**

**બંધારણ અંગેની વેબસાઇટ અંગે શ્રી મોદીએ માહિતી આપી હતીઃ**

**(**PM Byte Constitution Web site)

-------------------------------------------------------------------------------

## ખેડુત-તાલીમ કાર્યક્રમનું આયોજન:

ખેડુતોમાં માટીના પોષણ અંગે તથા પ્રાકૃતિક સંસાધનોના સમજણ પુર્વક ઉપયોગ કરવા માટે તાજેતરમાં ખેતીવાડી વિભાગ ભુજ દ્વારા ભારાસર અને લોડાઈ ગામે “એનએફએસએમ ન્યુટ્રસિરિયલ” યોજના હેઠળ તાલીમ કાર્યક્રમ આયોજન કરાયુ હતું.જેમાં 71 ખેડૂતોએ ભાગ લીધો હતો.આ કાર્યક્રમમાં કૃષિવિજ્ઞાન કેન્દ્ર “કાઝરી” કુકમાના માટી વિજ્ઞાન નિષ્ણાંતે માટીના નમુના એકત્ર કરવાની વૈજ્ઞાનિક રીત ઉપસ્થિત ખેડુતોને સમજાવી હતી.

-------------------------------------------------------------------------------

## તાલુકા કક્ષાનો કલા મહાકુંભનો આયોજન:

ગુજરાત રાજ્ય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર તથા જીલ્લા યુવા વિકાસ અધિકારી કચેરી, ભુજ આયોજીત ગાંધીધામ તાલુકા કક્ષાનો કલામહાકુંભ આગામી તારીખ ત્રીજી અને ચોથી જાન્યુઆરી-2025ના સવારે 10 વાગ્યેથી ગુજરાત વિધાલય, લાયન્સ કલબ પાછળ, ગાંધીધામ ખાતે યોજાશે. જેમાં એકપાત્રીય અભિનય, નિબંધ, વક્તૃવ, ચિત્રકલા, ભરતનાટ્યમ, સમુહ ગીત, લગ્નગીત, લોકગીત, ભજન,સુગમ સંગીત વગેરે જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ છે.

---------------------------------------------------------------------------------

## ભુકંપનો આંચકો:

કચ્છના સરહદી વિસ્તારમાં આજે સવારે 10 વાગીને 5 મિનિટે 3.2ની તીવ્રતા સાથેના ભૂકપના આંચકાથી કચ્છના વાગડ વિસ્તારમાં કંપનની અસર થઈ હતી. ભૂકંપનો કેન્દ્રબિંદુ પૂર્વ કચ્છના ભચાઉથી 18 કિલોમીટર દૂર ઉત્તર- પશ્ચિમમાં નોંધાયો છે. 2001ના વિનાશક ભૂકંપ બાદ જિલ્લામાં ભૂકંપના નાના નાના આંચકાઓ હજુ પણ સમયાંતરે ચાલુ રહ્યા છે.

---------------------------------------------------------------------------------

## સ્વચ્છ ભારત મિશન –ગ્રામીણ યોજના

સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ કેળવવા અને ખુલ્લામાં શૌચક્રિયા બંધ થાય તે હેતુથી સરકાર દ્વારા ચલાવાતી સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના અંતર્ગત છેલ્લા એક દાયકામાં ગ્રામ્ય કક્ષાએ વ્યક્તિગત શૌચાલય માટે 1,18,255 લોકોને સહાય અપાઈ હતી. જેના થકી કચ્છમાં કુલ 10 હજાર 333 શૌચાલયોનું બાંધકામ કરાયુ હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી-ભુજ દ્વારા ગ્રામ્ય કક્ષાએ વ્યક્તિગત શૌચાલય, ગોબરધન કંપોસ્ટ પીટ, ઘન કચરા વ્યવસ્થાપન, ભીનો અને સુકો કચરો અલગ કરી ભિના કચરામાંથી કોંમ્પોસ્ટ ખાતર બનાવવા વગેરે અંગેની સમજુતી અપાય છે.

---------------------------------------------------------------------------------

## તાપમાન:

જિલ્લા મથક ભુજનું લઘુતમ તાપમાન 10.4 ડીગ્રીએ યથાવત રહેતા સવાર ના સમયે શહેરીજનોને ભારે ઠંડીનો અનુભવ થયો હતો. કામસર નીકળતા તમામ લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ થયેલા જોવા મળ્યા હતા. નલિયામાં લઘુત્તમ ઉષ્ણતામન 5.6 ડીગ્રી  નોંધાયુ હતું. ગઈકાલ કરતા મહત્તમ તાપમાન એક ડીગ્રી વધુ નોંધાવા છતાં રાજ્યમાં મોખરે રહ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે સરહદી જિલ્લામાં વ્યાપક ઠંડી છતાં પ્રવાસન ક્ષેત્રમાં સતત વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને રણની ઠંડીમાં પણ મોજ માણવા લોકો સ્થાનિક અને દૂર દૂર થી પહોંચી રહ્યા છે. ધોરડો સ્થિત સફેદ રણમાં લોકોની ભીડ જોવા મળી રહી છે જેના થકી સ્થાનિકોને રોજગારીના નવા અવસર મળ્યા છે.

---------------------------------------------------------------------------------

## ICAI-સેમીનાર :

ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટ ઓફ ઈંન્ડીયાની  ભુજ બ્રાન્ચ દ્વારા ગઈકાલે  ઈક્વિટી માર્કેટમાં રોકાણના વિષય ઉપર એક સેમિનારનું આયોજન ભુજ ખાતે કરવામાં આવ્યુ હતું. જેમાં ગાંધીધામથી આવેલા નિષ્ણાંત વક્તાઓએ સ્ટોક માર્કેટના મુળભુત સિધ્ધાંતો વિશે ઉપસ્થિત લોકોને  માહિતગાર કર્યા હતા.

---------------------------------------------------------------------------------